સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કોઈ ખંખેરે ઉદ્યોગપતિઓને આય છૂપેલી છે!
કોઈ વિદેશીને, સૌની આવક કાદવે ખૂંપેલી છે!
સોંપેલી છે નીતિની લગામ, સૌ એ પારકા હાથોમાં -
કોઈ ચોખ્ખા નથી, ફંડ લેવામાં, બધાની લીંપેલી છે!
(બધા પક્ષોનાં ચૂંટણી ફંડોની તપાસ કરાવો...)

હાઈકુ

પોલીસ સાથે -
રહ્યો છે કાયમનો -
'વિકાસ' નાતો...
(સૌની સુરક્ષા, એમાં જ છે)

રાખવા પડે !
ગુના-ગુનાખોરોથી -
સ્નેહ સંબંધો !
(ચાણક્ય નીતિ)

ચિંતન

મરણં પ્રકૃતિઃ શરીરિણાં વિકૃતિર્જીવનમુચ્યતે બુધૈઃ ।
ક્ષણમપ્યવતિષ્ઠે શ્વસન યદિ જન્તુર્નનુ લાભવાનસૌ ॥

ઉપરોક્ત શ્લોક 'શાકુંતલ અંક'માંથી લેવામાં આવેલ છે.

શરીરધારી માટે મરણ સ્વાભાવિક છે. જ્યારે જીવન તો અકસ્માત છે, એમ વિદ્વાનો કહે છે. એટલે જો પ્રાણી ક્ષણ માટે પણ પ્રાણવાન રહે તો એ પણ એને માટે લાભ જ સમજવો. (આત્માની અદેહ સ્થિતિ સહજ છે જ્યારે સદેહ કવચિત્)

જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે પછી રાજા હોય કે રંક, પ્રાણીમાત્રને મૃત્યુ આવે છે પ્રકૃતિ છે. જેટલું જેવું જીવ્યા એ એક અકસ્માત જેવી ઘટના છે.

'આત્મા' મરતો નથી, કર્મ પ્રમાણે જન્મે-ફળ ભોગવે - મરે છે સત્કર્મ અને જ્ઞાન દ્વારા આત્માને મુક્તિ મેલે અને પરમાત્મા સાથે 'લીન' થઈ શકે છે.

સુવિચાર

- લુચ્ચાઈ એટલે વક્ર બુદ્ધિ - **સંત રોબિન**
- આપત્તિ આપણાં પાપ ધોવા માટે છે - **પેયગંબર સાહેબ**
- પોલિટિક્સ એટલે કૂતરાની વફાદારી વગરની કૂતરાની જિંદગી - **રૂપયાર્ડ કિપલિંગ**
- ન્યાયાધીશ એટલે કાયદાનો એવો વિદ્યાર્થી જે પોતાની ઉત્તરવહી પર પોતે માર્ક મૂકે છે - **સ્ટિફન કોવી**
- જેવામાં બુદ્ધિ નથી તેને બીજે બુદ્ધિ દેખાતી નથી - **સોપન હોર**
- પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર - **અખો**
- આજનું ઔષધ : લવિંગનો ભૂકો તથા તમાકુના પાન વાટીને માથા ઉપર લેપ કરવાથી માઈગ્રેન મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

નદી કિનારે સંત નવા નવા રહેવા આવ્યા. એમના વિવેક, જ્ઞાન અને ભક્તિથી નગરના સૌ પ્રભાવિત થયા. રાજાને પણ સંતના વચનોએ પ્રભાવિત થયા. એવામાં કડકડતી ઠંડીના દિવસો આવ્યા. રાજાને મધરાતે વિચાર આવ્યો કે આવી કડકડતી ઠંડીમાં સંતની સ્થિતિ શું હશે ? રાજાએ મંત્રીને કહ્યું, કે 'જાઓ અને નદી કિનારે રહેતા સંતને પૂછી આવો 'આ ઠંડીમાં એમની રાત કેવી રીતે પસાર થાય છે? કોઈ ચીજવસ્તુની આવશ્યકતા હોય તો પૂછતા આવજો.' મંત્રી સંત પાસે પહોંચ્યા અને રાજાના સવાલ પૂછ્યા. સંતે કહ્યું, મંત્રીશ્વર, રાજા ને કહેજો કે રાત તો લગભગ આપના જેવી વ્યતીત થાય છે અને દિવસ આપનાથી વધારે સારો પસાર થાય છે.' મંત્રીએ રાજાને સંતનો સંદેશો આપ્ય પણ રાજાને આવા જવાબથી સંતોષ ન થયો આથી રાજા સ્વયં સંત પાસે ગયો અને રહસ્ય પૂછ્યું. સંતે જવાબ આપતા કહ્યું, 'રાત્રે તો આપ અને હું બંને નિદ્રાધીન હોઈએ છીએ એટલે લગભગ આપણી રાત્રી સરખી જ પસાર થાય છે. પરંતુ જાગ્રત અવસ્થામાં તમે સાચાં-ખોટાં કાર્યોમાં ડૂબેલાં હો છો અને હું પરમાત્માની આરાધનાં લીન હોઉ છું. એ રીતે દિવસે તમારા કરતાં મારો સમય વધુ સારી રીતે પસાર થાય છે.' રાજાએ સંતની વતા ગળે ઉતરી.

મંગળ ઘટનાનું ગૌરવ કરીએ

તંત્રીસ્થાનેથી...

કોરોનાના હાહાકાર વચ્ચે અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં એક મંગલ ઘટના ઘટી ગઈ. આમ તો અત્યારે આ અદ્યતન ખાનગી હોસ્પિટલ સવિશેષ બે વિશિષ્ટ મહાનુભાવોની સારવારના મુદ્દે મીડિયામાં ચમકતી રહી છે. મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના વડા પૂ. પુરુષોત્તમપ્રિયદાસજી અને ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભરતસિંહ સોલંકી આ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોઈ વારંવાર એમની નાજુક સ્થિતિના સમાચાર વચ્ચે આશાનું કિરણ પણ ચમકતું રહ્યું છે. સ્વામીનું સ્વાસ્થ્ય વધુ કથળેલું હોવા છતાં સીમ્સ હોસ્પિટલના ડૉક્ટરો એમની અમૂલ્ય જિંદગી બચાવવા રાતદિવસ જહેમત ઉઠાવતા રહ્યા હતા તે સર્વવિદિત છે. આ જ હોસ્પિટલમાં કોરોનાના આતંક વચ્ચે સુરતમાં અકસ્માતમાં ઘાયલ થયા પછી બ્રેઈનડેડ જાહેર થયેલ એક યુવાનનું હૃદય ગ્રીનકોરીડોર પદ્ધતિથી ફક્ત ૯૦ મિનિટમાં અમદાવાદની ધરતી પર પહોંચતાંની સાથે એક યુવતીનું માંડ ૧૦-૨૦ ટકા કાર્યદક્ષતા ધરાવતા હાર્ટની જગ્યા લઈ લે છે. યુવતીને નવું જીવન મળી જાય છે. અકસ્માતમાં મરનાર યુવાન આ યુવતીના હૃદયમાં જીવવા લાગે છે. માત્ર એનું હૃદય જ નહીં, કિડનીઓ અને લિવર પણ ડોનેટ કરાતાં બીજા ત્રણ મરણાસન્ન દર્દીઓને જીવનદાન સાંપડે છે. આ છે માનવીને મળેલા ફળદ્રુપ ભેજાની કલામ. એ જ ભેજું વળી પાછાં અણુશસ્ત્રો પણ બનાવે છે; હિંસક ઘટનાઓ પાછળ એ જ ભેજામાં ઊગતા નેગેટિવ વિચારો કારણભૂત હોય છે. ચોરીછૂપીથી અમેરિકામાં ઘૂસી જઈ બે પાંદડે થવાની મનોવૃત્તિ એ જ ભેજામાં જન્મે છે. તો વળી ભૂકંપ, ત્સુનામી કે દુકાળ જેવી કુદરતી આપત્તિ ટાણે પોતાની પરસેવાની કમાણી દુઃખિયારાં લોક પર વાપરવાની વૃત્તિ પણ એ જ મગજની પેદાશ છે. કોરોના સામે આખી દુનિયાએ વખત પૂરતાં અંગત હિતો બાજુએ મૂકી ખભેખભા મિલાવીને લડી લેવાની જરૂર છે, પરંતુ રાજકીય માંધાતાઓ માટે વધુ મહત્ત્વ એમની ગાદી સચવાઈ રહે એનું છે. એથી વિપક્ષ સત્તાધારી પક્ષની ખામીઓ શોધવામાંતી નવરો નથી પડતો અને સત્તાધારી પક્ષ વિપક્ષના ખેરખાંઓની તિજોરીઓ તપાસવાનું નથી ચૂકતો. તિજોરીઓ જરૂર તપાસવી જોઈએ અને એમાં સંતાડેલા ગેરકાયદેસર નાણાં ખૂંચવી લેવાની સાથે આવા ગુનેગારોને દાખલો બેસે એવી સજા પણ થવી જોઈએ, પરંતુ આવી તપાસમાં અંગત વેરની વસૂલાત કે કિન્નાખોરી ન હોવી જોઈએ. સરકારી સચિવને ખાનગી હોસ્પિટલો અને ડૉક્ટરો કોરોના માટેની અસરકારક દવાના દુરુપયોગની ફરિયાદ કરવાનું મન થયું હશે તો એમાં જરૂર કંઈક તથ્ય હશે. એમની સામે મેડિકલ એસોસિએશન મોરચો માંડે એવી સ્થિતિ આવા વસમા સંજોગોમાં તો બિલકુલ આવકારદાયક ન જ ગણાય. કયા દરદીને કઈ દવાની જરૂર છે તે આરોગ્ય સચિવે નહીં પણ તજજ્ઞ ડૉક્ટરોએ નક્કી કરવાનું હોય. ખરેખર આવા કંકાસ વચ્ચે સીમ્સ હોસ્પિટલમાં સાકાર થયેલી 'હૃદય પરિવર્તન' સર્જરી માનવીની કરુણા અને સંવેદનશીલતા હજી અકબંધ છે એની સાહેદી પૂરે છે. આપણે આવા ડોનર અને રિસિવર ઉપરાંત એ કાર્યવાહી સંપન્ન કરવામાં મદદરુપ થયેલ તજજ્ઞ ડૉક્ટરોની ટીમ સહિતના બધા મૂઠી ઊંચેરા માનવીઓના માનમાં નતમસ્તક થઈએ.

આ ટીકા નહી, ટેકો કરવાનો સમય છે

આરપાર

રાઘવજી માધડ

'આપકા યે પાગલપન...'આટલું કહી, પ્રો.યશપાલ ક્ષણભર અટકી,પછી મર્મસભર બોલ્યા હતા : 'મુઝે અચ્છા લગતાં હૈ !'વરસો પૂર્વે ગુજરાતના એક શૈક્ષણિક કાર્યક્રમમાં હજારો શિક્ષકોને ગાતાં-નાચતાં જોઈ આ શબ્દો ઉચ્ચાર્યા હતા.તેમાં 'પાગલપન' શબ્દ ભૂલાઈ કે ભૂંસાઈ ગયો ને 'અચ્છા લગતાં હૈ'લ્લએ યાદ રહી ગયું.આપણે સાચું કરતાં સારું સાંભળવા ટેવાયેલા છીએ. પ્રશંસાને પકડી લીધીને ટીકાને તરછોડી દીધી.

ઈસરો,અમદાવાદમાં સેવારત રહ્યા પછી પ્રો.યશપાલના અધ્યક્ષપદે રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંતર્ગત 'ભાર વિનાનું ભણતર'નો અહેવાલ પ્રસિદ્ધ થયો હતો.પણ આ અહેવાલનો આંશિક અમલ થતાં, ભાર વિનાનું ભણતરનાં બદલે ભારવાળું ભણતર થઈ ગયું ! એ પુણ્યશાળી પાપની સજા વિદ્યાર્થીઓ ભોગવી રહ્યાં છે.

વિદ્યાર્થીઓને માત્ર દફતરનો ભાર લાગેછે એટલુંજ નથી,અસમજણનો પણ ભાર લાગેછે!

ગુજરાતનાં શિક્ષણમાં જેટલા અખતરા થયા એટલા ભાગ્યે કોઈ રાજ્યમાં થયા હશે. આપણે વિચાર ના વાવેતર કરવામાં પાવરધા છીએ. પણ તેની કાળજી લેવામાં કે પાછું વાળીને જોવામાં અધૂરા છીએ.અંતે અખતરામાંથી 'અ' નીકળી 'ખતરા'રહી જાય છે.વૃક્ષારોપણ પછી વૃક્ષ ઉછેરનો કાર્યક્રમ પણ રાખવો જોઈએ.

હાલ ઓનલાઈન એજ્યુકેશનનો અખતરો પૂરબહારમાં છે.સારા કાર્યની પ્રશંસા થવી જોઈએ. પણ આપણે તેમાં જોડાયેલાં છીએ તેથી પ્રશંસાના ઢોલ-નગારા વગાડીએ તે ઉચિત નથી. પણ નુકશાનકર્તા છે. ભલે, ચીથરું ઊડીને મંદિરનાં શિખર સુધી પહોંચી જાય...પણ તેથી એ ધજા કહેવાતું નથી !

હવે,તંત્રની ભાષામાં કહીએતો ઓનલાઈન એજ્યુકેશનનો રીવ્યુ થવો જોઈએ.આજ સુધી જે કાંઈ અપાયું,પીરસાયું તેનું સર્વથા મૂલ્યાંકન થવું જોઈએ.'આદર્શ'ના અમ્રેલા તળે રજુ થયેલાં લેશનની ગુણવત્તા, રજુકર્તાની પદ્ધતિ,ભાષાશુદ્ધિ,આરોહ-અવરોહ...ને સમગ્ર અભિવ્યક્તિનું તટસ્થતાથી મૂલ્યાંકન કરવામાં મોડું કરવા જેવું નથી.ભલે ઊગવાની ઉતાવળ બાવળને હોય પણ વાવણી થઈ છે તો નિંદામણ થવું જોઈએ.

આ રીવ્યુ કે મૂલ્યાંકન માટે કોને બોલાવવાં તે બહુ અગત્યનું હોય છે.જ્ઞાની,અભ્યાસી ને અનુભવી હોય તે ઉપરાંત માત્ર સારું નહીં પણ સાચું કહેવાનો તટસ્થતાભાવ-ગુણ દાખવવાવાળા હોવા જોઈએ.

તંત્રની આવી કોઈ સમિતિમાં પસંદ થયા પછી તેમાં ટકવું,વ્યક્તિ માટે અગત્યનું બની જાય છે.તેથી સારું કહેવું કે સાચું...તેની મૂંઝવણ થવા લાગે. કારણ કે સાચું કહ્યા પછીનું પરિણામ સારું હોતું નથી.તેને ફરી યાદ કરવાના બદલે ફરિયાદ થાય ને છેવટે બાદબાકી થઈ જાય.હા,આ જે કાંઈ થઈ રહ્યું તે સારું નથી તો સાચું શું હોવું જોઈએ... તે દર્શાવવાની નિપુણતા પણ અનિવાર્ય છે. અસત્યના ફકરા હોય પણ સત્યની તો એક લીટી હોય.તંત્રની માત્ર પ્રશંસા કરનારાં મળતિયાનો મોહ છોડી યોગ્ય વ્યક્તિને બોલાવવા જોઈએ. આવી સમિતિઓમાં અમુક એવાં હળીમળી જતાં હોય છે કે પછીથી મૂળ જગ્યાએ જવાનું ને ભણાવવાનું જ ભૂલી જતાં હોય છે ! કોઈતો વળી તંત્રની પ્રશંસા કરીને આવા કાર્યમાં ટકી,વળગી રહેતા હોય છે.પ્રશંસાતો પ્રભુને પણ પ્યારી લાગે છે...પણ આવી પ્રશંસાના પાયામાં ખુશામતનું જ ખાતર હોય તે જોવું જોઈએ.

આજે અમુક લોકો જાહેરમાં ઓનલાઈન એજ્યુકેશનની પ્રશંસા કરે છે ને પાછળથી ટીકા કરવાનું છોડતાં નથી. આ ટીકા નહી, ટેકો કરવાનો સમય છે. તત્કાળ રીવ્યુ કર્યા પછી આગળ વધવા જેવું છે.

છેલ્લે : અમે સારાં,તમે સારાં ને આપણે સૌ સારાં... કહેનારને રોકવાં,ટોકવાં ને અટકાવવાં જોઈએ. ઘણીવાર આવા લોકો દ્વારા મળતા અભિપ્રાય, ભાવિ પેઢીને ભારે નુકશાનકારક નીવડતા હોય છે !

કોરોના પછી આવશે : નવી દુનિયા.. નવા બિઝનેશ... અને નવા સાહસ

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

અત્યાર સુધીમાં વિશ્વ આખામાં પાંચેક લાખ લોકોનો ભોગ લેનાર કોરોના વાયરસનું મહામૃત્યુચક્ર ક્યારે અટકશે એની કોઈને ખબર નથી. પણ એક વાત નિશ્ચિત છે કે કોરોના ગયા પછી એની યાદ, નિશાની, જખમ, ડર, વર્ષો સુધી માનવજાત વચ્ચે રહેશે. કેમ કે આખા વિશ્વના તમામ લોકોના માનસને પ્રભાવિત કરનાર આ કોરોના કદાચ આ સદીનો સૌથી વધુ ખતરનાક વાયરસ છે. કેમ કે આખા વિશ્વની તમામ જાતિ, પ્રજાતિ, સંસ્કૃતિ, સભ્યતાને પણ આ કોરોનાને કારણે પોતાનામાં પરિવર્તન લાવવું પડશે. અને આ પરિવર્તન પછી એક સાવ નવા જ યુગનો ઉદભવ થશે.

અત્યાર સુધી કોરોનાના સામાજિક, રાજકીય, માનવીય અને આર્થિક પરિવર્તનો વિશે તો ખૂબ કહેવાઈ ગયું છે. લખાઈ ગયું છે, પરંતુ કોરોના પછી હવે ધંધા રોજગાર કેવા હશે એના વિશે બહું નથી કહેવાયું. કોરોનાએ દુનિયાભરના મોટા મોટા ઉધોગો સામે પ્રશ્ન ચિહન લગાવી દીધું છે. જે લોકોએ કરોડો – અબજો રૂપિયાનું, ડોલરોનું, પાઉન્ડનું રોકાણ કરીને મોટા બિઝનેશ સેન્ટરો ખોલ્યા હતા તે સૌને હવે નવેસરથી વિચારવું પડશે. જેઓએ અનેક એકરો જમીનોમાં ભવ્ય રેસિડેન્સિયલ અંગ્રેજી સ્કૂલો બનાવી છે, તેઓ સૌ ચિંતિત છે. જેઓએ કરોડો રૂપિયા ખર્ચીને ભવ્ય સેટ બનાવીને ફિલ્મોનું નિર્માણ કર્યું છે. જેઓએ મોટા મોટા મલ્ટિપ્લેક્ષ સિનેમાહૉલ બનાવ્યા છે. આ બધા જ ઉધોગપતિઓ ચિંતિત છે કે હવે શું થશે ? ક્યારે સ્કૂલો શરું થશે ? ક્યારે ફિલ્મના શૂટિંગ શરું થશે ? ક્યારે સિનેમાહૉલ શરું થશે ? ક્યારે અગાઉની જેમ મોટા મૉલ ધમધમતા થશે ? સરકાર મંજુરી આપી દે છતાંય લોકો આવશે ખરા ? જે જે રાજ્યોમાં સરકારી જમીનો ઉપર વિશાળ ફેક્ટરીઓ, કંપનીઓમાં હજારો કારીગરો કામ કરતા હતા તે સૌ કારીગરો તો પોતપોતાને ગામ જતા રહ્યા, હવે તેઓ પાછા આવે એવું લાગતું નથી. તો આ બધા ઉધોગોનું શું થશે ? ક્યાંથી લાવશે કારીગરોને ? જે જે ઈન્ટરનેશનલ સ્કૂલોમાં બે – બે હજાર વિદ્યાર્થીઓ હૉસ્ટેલમાં રહેતા હતા ? તેનું શું થશે હવે ? શું માતા પિતા ફરીથી પોતાના બાળકને આવી સ્કૂલ વીથ હોસ્ટેલમાં અભ્યાસ માટે મોકલશે ખરા ? દરેક શહેરો ને ગામડાઓમાં મોટાભાગની હોસ્પિટલો દર્દીઓથી ધમધમતી હતી. આજે ત્રણેક મહિનાથી બધી ખાલી છે, જે ડોકટરો ઘેર અને હોસ્પિટલ પ્રેક્ટિસ કરતા હતા તે મોટાભાગના ફ્રી છે. તો આ બધા દર્દીઓના રોગ ગાયબ થઈ ગયા કે દર્દીઓ ? દર્દીઓ તો છે. પણ રોગ નથી, મતલબ લાખો કરોડો લોકોને સમજાયું કે પોતે અત્યાર સુધી રોગ વિના જ દવા લઈને જીવતા હતા. આ કોરોનાને કારણે સમજાયું કે શરીરમાં રોગ જ નથી તો દવા શેની ? નાના મોટા રોગ તો ઉકાળો પીવાથી પણ મટી જાય છે. અત્યાર સુધી જે બાટલા ચડાવ્યા કે ઓપરેશનો થયા કે એક્સ રે, એમ.આર. આઈ. કરાવ્યા તે કાંઈ જરૂરી જ નહોતું પણ થયું. તો હવે આવી બધી હોસ્પિટલો, ડોકટરોનું શું થશે ? આવા અનેક પ્રશ્નાર્થો કોરોનાએ લગાવી દીધા છે.

એક વાત નિશ્ચિત છે કે હવેની દુનિયા કંઈક જુદી હશે. હવે નોકરી અને બિઝનેશની વ્યાખ્યાઓ બદલવી પડશે. હવે બહાર જઈને કામ કરવાને બદલે ઘર પર બેસીને થતા કામના વિકલ્પો શોધવા પડશે. કેમ કે એમાં જ સલામતી હશે. વળી અમેરિકન ઓક્સફોર્ટ યુનિવર્સિટીનું એક સંશોધન કહે છે કે આવનારા દસેક વર્ષમાં પચાસ ટકા લોકોની નોકરીઓ જતી રહેશે. કેમ કે હવે રોબોટ કામ કરવા આવી રહ્યા છે. વિદેશોમાં તો શરું થઈ ગયું છે. તેથી હવે પરંપરિત નોકરીઓ બહું નહી ચાલે, જ્યાં કંઈક ક્રિએટીવિટી હશે, નવા વિચારો હશે, નવી ટેકનિક હશે, કામ કરવાની નવી પદ્ધતિ હશે... એવી નોકરીઓ રહેશે, બાકી જે કાર્યો સામૂહિક રીતે વારંવાર થતા હશે તેવા કામ રોબોટ કે મશીન કરશે, જેમ કે એ.ટી.એમ. મશીન. થોડા વર્ષો પહેલા કોઈએ સ્વપ્રે પણ નહોતું વિચાર્યું કે બેંકમાં પડેલા આપણા રૂપિયા રાત્રે પણ ગમે ત્યારે એક મશીનમાંથી આપણે જાતે લઈ શકીશું. જે આજે શક્ય છે. આજે બેંકમાં ચેક મશીન લે છે, પાસબૂક મશીન ભરી આપે છે. તો આવતી કાલે આવા અનેક પરિવર્તનો આવી રહ્યા છે, જે કામ હજારો લાખો લોકો કરી શકે છે એવા કામ હવે મશીનો કરી શકશે. અને જે કામ એકદમ યુનિક હશે, ક્રિએટીવ હશે એવી નોકરીઓને વાંધો નહી આવે. કેમ કે રોબોટ બધુ કરી શકે છે પણ ક્રિએટીવ કામ નથી કરી શકતો. આવા પ્રકારનું કામ બહું ઓછા લોકો કરતા હશે, કેમ કે તેઓ દુનિયાના બધા બદલાવ સ્વીકારીને, નવી ટેકનોલોજી સમજીને પોતાને અપગ્રેડ કરીને સતત કામમાં વ્યસ્ત રહે છે. હવે ડ્રાઈવર વિનાની કાર માર્કેટમાં આવી ગઈ છે. હાલ અમેરિકામાં છે આવતીકાલે ભારતમાં પણ હશે. ત્યારે મોટાભાગના ડ્રાઇવરોની નોકરી જોખમમાં મૂકાશે, કુરિયર હવે ઈલેક્ટ્રોનિક્સ ડ્રોન કરશે, જે અમેરિકામાં એમેઝોન કંપનીએ શરું કરી દીધુ છે. અરે હવે તો અમેરિકામાં જ રોબોટ દ્વારા સાડા સાત લાખ ઓપરેશનો પણ થઈ ગયા છે. જે કામ ડોકટરો કરે છે તે કામ આ રોબોટ કરશે.

મિત્રો, આ બધું જોતા હવેની દુનિયા બદલાઈ રહી નથી પણ બદલાઈ ચૂકી છે. બહાર એવી પણ બીજી અનેક દુનિયાઓ છે જેના વિશે આપણને ખબર જ નથી. આપણે તો આપણા શહેરમાં કે સમાજમાં જે રાજ્યમાં કે દેશમાં જે જોઈએ છીએ તેવું બધુ માની લઈએ છીએ. તેથી હવે સૌ પ્રથમ આપણે આપણા ખુદના બંધનોમાંથી જ મૂક્ત થવાની જરુર છે. કેમ કે જો નવી કોઈ વાત કે વિચાર આપણા મનમાં ઉતારવો હશે તો મન ખાલી હશે તો ઉતરશે.. આજે કામનું સ્વરૂપ બદલાઈ ચૂક્યું છે. નાના વિદ્યાર્થીઓ ઘેર બેઠા માત્ર લેપટોપ પર લાખો કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે. ફેસબૂક બનાવનાર માર્ક ઝૂકરબર્ગ ફેસબૂક દુનિયામાં લોન્ચ કર્યા પછી લગ્ન કરે છે. અને આપણા દેશનો યુવાન પાણીપુરીની લારીએ કે બર્ગર પિઝાની લાઈનમાં કે મોલમાં કોઈ છોકરીની પાછળ કે ઘરમાં મોબાઈલ કે લેપટોપમાં જેવા તેવા વિડીઓ જોવામાં પોતાનો અમૂલ્ય સમય નષ્ટ કરતો હોય છે.

હવેની દુનિયા જ્ઞાનની દુનિયા છે, જેની પાસે વિવિધ ક્ષેત્રનું જ્ઞાન હશે તે ટકશે, રાજ કરશે, જેની પાસે કંઈક ક્રિએટીવિટી હશે, તે જીતશે, જેની પાસે નવું સાહસ કરવાની ક્ષમતા હશે તે જીતશે, અને આ માટે આજના યુવાનોએ પોતાના મા બાપની છત્રછાયા છોડવી પડશે. બહાર નીકળવું પડશે. સ્માર્ટ મહેનત કરવી પડશે, જો શીખવાના વર્ષો મોબાઈલ ને લેપટૉપમાં ફિલ્મો જોવામાં જતા રહ્યા તો દુનિયાની કોઈ તાકાત આપણી યુવાપેઢીને બચાવી નહીં શકે. હવે સ્પેસ સાયન્સની બોલબાલા રહેવાની છે, અવકાશી ઉડ્યન, અવકાશી વાહન વ્યવહાર, અવકાશી હૉટેલો અને અવકાશી મહેલો હવેના સમયમાં આવી રહ્યા છે. જો આનું જ્ઞાન અત્યારથી મેળવ્યું અને આ ક્ષેત્રમાં આગળ વધ્યા તો સાત પેઢી તરી જશે. એટલું કમાઈ શકશો., ડાયરેક્ટ સેલિંગ અને ડિઝિટલ માર્કેટિંગનો હવે યુગ આવશે. આ બન્ને ક્ષેત્રો ભારતમાં ખૂબ બદનામ છે પણ હવે લોકોએ આ બિઝનેશ સ્વીકારવો જ પડશે. જ્યોતિષ અને તંત્ર વિજ્ઞાન આવનારા સમયમાં ખૂબ મોટી કમાણી કરાવશે, હરબલ ઉત્પાદનો, સ્વાસ્થ્યને લગતી ભારતીય પ્રોડક્ટ, વિટામિન્સ અને રોગપ્રતિકારકશક્તિ વધારે એવી પ્રોડક્ટથી બજારો છલકાઈ જશે. આ ક્ષેત્રમાં જેઓ પોતાની ગુણવત્તા જાળવી રાખશે તેઓ જીતશે. અને નવી દુનિયામાં ખાસ હવે લોકો સ્ટ્રેસમાં જીવશે. મોટિવેશનની જરુર બધાને પડશે, તેથી આ મોટિવેશનલ સ્પીકર, લાઈફ કૉચ, કંપની ટ્રેઈનર, માર્કેટિંગ લીડરો, આધ્યાત્મિક ગુરુઓ, યોગગુરુઓ, તપ, ધ્યાન, પ્રાણાયામ .. આ બધાની બોલબાલા આ નવી દુનિયામાં રહેવાની છે. આ કોરોના પછી જન્મનાર બાળકો જ્યારે યુવાન થશે ત્યારે તેઓ પોતાની વ્યક્તિગત કાર (સેલ્ફ વિમાન) રસ્તા ઉપર નહીં, હવામાં દસ વીસ ફૂટ ઉપર ચલાવતા હશે.

મિત્રો, નવી દુનિયા આવી રહી છે. તમે કલ્પના પણ નહીં કરી હોય એવી નવી નવી ટેકનોલોજી બની રહી છે. અનેક નવા આશ્ચર્યો બની રહ્યા છે. આપણી સામે આવે એટલી વાર છે. અને જો તમે ઈચ્છતા હોય કે તમારા સંતાનો કે એમના સંતાનો આવનારી નવી દુનિયામાં સુખી રહે તો નવી દુનિયાનું નવું કામ કે નવો બિઝનેશ કે નવી કલા કે નવી ક્ષમતાનો વિકાસ અત્યારથી કરવાની શરુઆત કરી દેજો.

9426060601.india@gmail.com

એન્કાઉન્ટર : શક ભી હોગા...ચૈન ભી હોગા...!!!

રગ્ગડપાટ

અજય ઉપાધ્યાય

"જો કોઈ ગુનેગાર પોતાને ધરપકડ્થી બચાવવાની કોશિશ કરે છે, અથવા પોલીસની પકડમાથી ભાગવાની કોશિશ કરે છે અથવા પોલીસ પર હુમલો કરે છે તો પોલીસને જવાબી કાર્યવાહી કરવાની સત્તા છે - છૂટ છે " " આવું સીપીસી ની કલમ ૪૬ માં લખ્યું છે. મજાની વાત એ છે કે આપણાં બંધારણમાં ક્યાય પણ 'એક્રાઉન્ટર ' એવો શબ્દ વાપરવામાં આવ્યો છે જ નહી. અસલમા પોલીસ દ્વારા આ શબ્દ એવા વખતે વાપરવામાં આવે છે કે જ્યારે કોઈ અપરાધી સાથેની મૂઠભેડમાં એ અપરાધીનું મોત થાય છે. દેશમાં ફરી એકવાર વિકાસ દૂબેના એનકાઉન્ટર પછી આ શબ્દ અને એના પરિણામો પર વધુ એક ચર્ચા ચાલી રહી છે. ડિસેમ્બરમાં તેલંગાણાની મહિલા ડોક્ટર પર થયેલા બળાત્કારના ચાર આરોપીના એક્રાઉન્ટર વખતે પણ આ જ ચર્ચા ચાલી હતી અને આજે વિકાસ દુબેના એક્રાઉન્ટર પછી નવેસરથી આ ચર્ચા ચાલી રહી છે અને ભવિષ્યમાં પણ જ્યારે જ્યારે એક્રાઉન્ટર થશે ત્યારે ત્યારે આ જ ચર્ચા ચાલવાની છે, કેમકે આ ' ઠોક દો ' ચીજ છે જ એવી કે શંકા તો રહેવાની જ પણ પેલું કહે છે કે બૂરાઈના અંજામથી પબ્લિકને રાહત મળતી હોય તો કાનૂન-વ્યવસ્થાની દ્રષ્ટિને બાજુમાં રાખીને પણ એ ઘટના વધાવવા યોગ્ય જ ગણાય..

આપણાં દેશમાં હ્યુમન રાઈટ્સના નામે ગુનેગારોને છાવરવા અને કાનૂન પર સવાલો ઉઠાવવાનો એક સુનિયોજિત ટ્રેન્ડ ચાલે છે અને એ હરકતો આવા જુદા જુદા અનેક બનાવો વખતે બહાર આવતો રહ્યો છે. આ કેસમાં પણ માનવ અધિકાર મંચમાં ફરિયાદ થઈ જ છે, એ ઉપરાંત સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ પણ તપાસ થશે જ અને દેશમાં ઘણા એક્રાઉન્ટરની આવી તપાસમાં પોલીસકર્મીઓને સજા પણ થઈ છે. જો કે વિકાસના કેસમાં એક વાત તો સત્ય હતી કે ભાઈ મોટા ડોન હોવાની સાથે સાથે અગાઉની ૪ હત્યા વત્તા તે રાત્રે કરેલા હીચકારા હુમલામાં માર્યા ગયેલા ૮ પોલીસની હત્યાનો ગુનેગાર હતો જ. રાજકારણીઓની ઓથ અને સોબતને લીધે જ આવડી મોટી ઘટનાને અંજામ આપવાની હિમાકત કરનાર વિકાસનો અંજામ વહેલો કે મોડો આ જ આવવાનો હતો એ હકીકત સહુ જાણતા જ હતા પણ જે રીતે વિકાસના મોત પછી એનાથી ત્રાસ પામેલા લોકોએ ઉજવણી કરી એનાથી એક વાત તો સમજાય છે કે પ્રજા પરિણામ ઈચ્છે છે, પછી એ ચાહે એક્રાઉન્ટર હોય કે કોર્ટ કાર્યવાહીથી. વિકાસના કેસમાં જો રાજકારણીઓની પછેડી દબાયેલી એમ પણ એકવાર સ્વીકારી લઈએ તો પણ ગુનેગારના અંજામની સિચ્યુએશન પર સવાલ ઉઠાવી શકો પણ ગુનેગારને ડામી દેવાની કોઈપણ સરકારની રીત પર સવાલ કેમ ઉઠાવી શકો ?

વિકાસે પોલીસોની હત્યા જેવો માફ કરી ના શકાય એવો ગુનો કર્યા પછી યુપીનું બચ્યું બચ્યું જાણતું હતું કે વિકાસની ગેમ ગમે ત્યારે ઓવર થઈ જવાની અને પબ્લિકની આ આશા પાછળ યોગીની ગુનેગારોની 'ઠોક દો' નીતિનો પડઘો છે. યુપીમાં યોગીના આવ્યા પછી દર વર્ષે અઢળક એક્રાઉન્ટર થયા છે અને ઘણા બધા એક્રાઉન્ટર પર સવાલો પણ ઉઠ્યા છે પણ ગુનેગારોને 'જેર' કરવામાં યોગીનો ટ્રેક રેકોર્ડ જોરદાર છે. યુપી એક એવું રાજ્ય છે જ્યાં રાજકારણ અને ગુંડાગીરીની મિલીભગત વધુ મજબૂત અને વધુ વ્યાપક છે. વિકાસનું નામ પણ ભાજપ સહિત લગભગ દરેક રાજકીય પાટી સાથે જોડાયેલું નિકળ્યું જ છે. કમનસીબી એ છે કે એક્રાઉન્ટરની કાયદાકીય તપાસ તો થવાની જ છે એ જાણવા છતાં પણ કોંગ્રેસ, સમાજવાદી કે બસપા જેવા પક્ષો પોલીસની કામગીરી પર સવાલ ઉઠાવી રહ્યા છે. યોગીના આવ્યા પછી એવું નથી કે યુપીમાં માફિયારાજ બંધ થઈ ગયું હોય પણ યોગીના પ્રયાસોથી એમાં ઘણી રાહત જોવા મળી રહી છે. જે રાજ્યમાં માફિયાઓ રાજય અને સરકારની આબરૂનું ધોવાણ વર્ષોથી કરતાં આવ્યા છે એના પર લગામ લગાવવાનું ભગીરથ કાર્ય યોગી કરી રહ્યા છે અને ગુનેગારને તો એની જ ભાષામાં જવાબ અપાય એ હકીકત પોલીસ વધુ સારી રીતે જાણતી હોય છે. હા જો એ રાત્રે વિકાસ અને એની ગેંગે પોલીસો પર જઘન્ય કૃત્ય ના કર્યું હોત તો કદાચ આટલું જલ્દી એને ઉપર જવું ના પડત.

એક્રાઉન્ટર સાચું હતું કે ફેક એ તો કાયદો અને ન્યાય વ્યવસ્થા નક્કી કરશે પણ ગુનેગારોના મોત પર હોબાળો મચાવનાર અને આડખીલી બનનારને શું કહેશો ? વિકાસના હુમલામાં શહિદ થયેલા ૮ પોલીસ